
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ સિંહ**

**આજના ગ્રહોની કુંડળી**




**બપોરે સાડા અગિયારે ચંદ્ર કર્ક રાશિમાંથી સિંહમાં પ્રવેશે છે. જે ગજકેસરી યોગ કરે છે. પરંતુ ચાંડાલ યોગ પણ ચાલુ છે. મીનારક - હોળાષ્ટક કમૂરતાં ચાલે છે. શુભ કાર્યો ન થઈ શકે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** બારમે મીનનો સૂર્ય તેમજ બુધ નીચનો વ્યર્થ ખર્ચા કરાવે. અવળી બુદ્ધિ સુઝાડે - વાણી ઉપરથી કાબૂ ગુમાવડાવે - પાંચમું સ્થાન સુધાર્યુ છે. સંતાનો તરફથી આપને અકલ્પેલ સહકાર મળી રહેશે.

**વૃષભ** સાતમે મંગળ સ્વગૃહીની સાથે શનિની યુતિ તમારી રાશિને સીધી અસર કરે છે. પરંતુ ચોથે ગજકેસરી યોગ થતો હોઈ આજના આખા દિવસની તમારી ગતિવિધિઓ મિશ્રફળવાળી રહેશે.

**મિથુન** ત્રીજે રાહુ - છઠ્ઠે મંગળ - શનિ - દસમે સૂર્ય એમ બધા પાપગ્રહો તમારી કુંડળીના સારા સ્થાનોમાં ગોઠવાઈને સારું ફળ આપી રહ્યા છે તેથી તમારો દિવસ આનંદમાં જશે.

**કર્ક** બીજે ગજકેસરી યોગ - ચાંડાલ યોગ સાથે સાથે છે - આઠમે શુક્ર - કેતુની યુતિ છે. પરંતુ સુંદર વાત એ છે કે શુક્ર - ચંદ્રની પ્રતિયુતિ છે જે ઘણી અગત્યની પુરવાર થાય તેમ છે - આર્થિક લાભ મળશે.

**સિંહ** ગજકેસરી યોગ તમારા માટે આશાનું કિરણ છે બાકી તો પાપગ્રહો ચોથે આઠમે અને લગ્નમાં પડેલ હોઈ આખો દિવસ ઈષ્ટદેવનું સ્મરણ કરીને સમય પસાર કરવો હિતાવહ છે - સાવધ રહેશો.

**કન્યા** રાશિપતિ નીચનો થઈ સાતમે હૌ સીધી દ્રષ્ટિથી તમારી રાશિને સૂર્ય સાથે જોતો હોઈ તમારી તંદુરસ્તીને જોખમાવે - ધ્યાન રાખીને સાવચેતીથી દિવસ પસાર કરવો.

**તુલા** બીજે છઠ્ઠે અગિયારમે પાપગ્રહો આવેલ હોઈ આપની રાશિવાળા જાતકને આજનો દિવસ સારો જશે. એકાદ બનાવને બાદ કરતાં આખો દિવસ સારું ફળ આપનાર જશે - દિવસ આનંદમાં જશે.

**વૃશ્ચિક** કેન્દ્રમાં પાપગ્રહો તથા રાશિથી પાંચમે સૂર્ય - બુધની યુતિ આપના માટે દિવસ સારો પસાર થાય તેવા સંકેતો આપતા નથી - પાપગ્રહોથી વ્યગ્રતા વધે -ડ્રીપ્રેશન આવે - સાવચેત રહેવું.

**ધન** બારમે મંગળ શનિની યુતિ આપને વાદવિવાદને લડાઈ - ઝઘડામાં ન નાંખે તેની સાવધાની રાખવી - જો સાવચેત નહીં રહો તો છેલ્લે બંધન યોગ સુધીના યોગ પણ આવે તેમ છે.

**મકર** ત્રીજે સૂર્ય - બુધ ખોટાં કૃત્યો કરાવે તેવો યોગ છે માટે પ્રભુ સ્મરણ કરતાં કરતાં આખો દિવસ પસાર થઈ જાય તે ઈચ્છનીય છે. કાળજી રાખશો તો દિવસ સારો જશે.

**કુંભ** કેન્દ્રમાં પાપગ્રહો તથા બીજે સૂર્ય બુધની યુતિ આપને સારો દિવસ જવાના સંકેત આપતો નથી - વ્યગ્રતા વધે - અણધાર્યા વૈચારિક હુમલાઓ આવે - રાશિમાં શુક્ર સારો છે - મિશ્રફળ મળે.

**મીન** સૂર્ય - ગુરુનો પરિવર્તન યોગ છે તેથી વધુ નુકસાન થતું ટકે છે. સાવચેતી રાખીને ચાલો તો સારું - બારમે શુક્ર વ્યર્થ ખર્ચા કરાવે. આપનો દિવસ મિશ્ર જાય.

# ગુડાની અટલ આવાસ યોજનાના નિર્માણ અન્વયે સોમવારે ખાતમુહુર્ત

## અડાલજમાં ૭ માળના ૯ ટાવરનુ નિર્માણ કરાશે : એલ આઈ જી ટુ કક્ષાના ૫૦૪ મકાનો બનાવાશે

ગાંધીનગર તા ૧૯

ગુડા દ્વારા અડાલજ ખાતે અટલ આવાસ યોજનાનુ નિર્માણ કરવામાં આવનાર છે.જેમાં ૭ માળના ૯ ટાવર બનાવાશે. કુલ ૫૦૪ યુનિટનુ નિર્માણ કરવામાં આવશે. જયારે આ કામગીરીને અનુલક્ષી આગામી તા ૨૧ માર્ચના રોજ બાંધકામનુ ખાતમુહુર્ત કરવામાં આવશે. માર્ગ મકાન મંત્રીના હસ્તે સવારે ૯ કલાકે ખાતમુહુર્ત વિધિ યોજવામાં આવશે.

ગુડા દ્વારા રાયસણમાં શુભ લાભ આવાસ યોજના અન્વયે થોડા સમય અગાઉ જ લાભાર્થીઓને આવાસોનો કબજો સોંપવામાં આવ્યો છે. જેમાં રાયસણ ચિલોડા તેમજ અડાલજ વિસ્તારમાં મકોનોનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જયારે ગુડાની ટી પી ૧૦માં અડાલજ વિસ્તારમાં પણ અટલ આવાસ યોજનાનુ બાંધકામ કરવામાં આવશે. જેમાં ગુડા દ્વારા એલ આઈ જી ટુ પ્રકારના ૫૦૪ જેટલા મકાનો બાંધવામાં આવશે. ૫૬ યુનિટ ધરાવતા ૭ માળના ૯ ટાવર બનાવાશે. જેમાં પ્રત્યેક મકાનોમાં ડ્રોઈંગ રૂમ,બેડ રૂમ,સ્ટડી રૂમ,રસોડુ,બાથરૂમનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૪૫ ચોમી કાર્પેટ એરિયા સાથે મકાનોની પ્રાથમિક કીંમત ૧૧ લાખ નિયત કરવામાંઆવી છે. જયારે આ આવાસ યોજના અન્વયે લીફટ,ભુકંપ પ્રતિરોધક આર સી સી ફ્રેમ સ્ટ્રકચર ડીઝાઈન, ફાયર સેફટીની વ્યવસ્થા, ભુર્ગભ જળ સંચયની વ્યવસ્થા,મલ્ટી પરપઝ હોલ,લાયબ્રેરી રૂમ,પ્રવેશ દ્વાર,લેન્ડ સ્કેપીંગ, તેમજ બાળકો માટે રમત ગમતના સાધનો પણ મુકવામાં આવશે. આ પ્રોજેકટ પાછળ અંદાજિત ૪૯૯૯ લાખનો ખર્ચ કરવામાં આવશે.



કાંકરેજના યુવાનેતા ભારતસિંહ ભટેસરીયાની બનાસકાંઠા જિલ્લા ભાજપના મહામંત્રી તરીકે વરણી થતા ઠેર-ઠેર સન્માનના કાર્યક્રમો યોજાયા હતા. કાંકરેજ રાજપૂત સમાજ દ્વારા ભારતસિંહનું ફૂલહાર, શ્રીફળ અને શાલ ઓઢાડી સન્માન કરી તેમને અભિનંદન પાઠવ્યા હતા.

# સાહેબ વ્યાજખોરો સામે કાર્યવાહી કરજો તેમ સ્યુસાઈટ નોટમાં લખી સિદ્ધપુરના યુવકે ગળે ફાંસો ખાધો

પાલનપુર, તા. ૧૯

બનાસકાંઠામાં દિવસે ને દિવસે વ્યાજખોરોનો ત્રાસ સતત વધી રહ્યો છે. ત્યારે ફરિવાર વડાગામ તાલુકાના નાંદોત્રા ગામની સીમમાં યુવકે વ્યાજખોરોના ત્રાસથી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી હતી.



વડાગામ તાલુકાના નાંદોત્રા ગામની સીમમાં ૩૮ વર્ષીય ભગવાનભાઈ ચૌધરીએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી. મૃતક યુવક મૂળ સિદ્ધપુર તાલુકાના લુખાસણ ગામના વતની છે. મૃતકના ખીસ્સામાંથી સ્યુસાઈડ નોટ મળી આવતા વ્યાજખોરોના ત્રાસથી સ્યુસાઈડ કર્યું હોવાનો ખુલાસો થયો છે. અને મૃતક યુવકે સ્યુસાઈડ નોટમાં સાહેબ આ વ્યાજખોરો સામે કાર્યવાહી કરજો તેવી માંગ કરી છે.

આ સ્યુસાઈડ નોટમાં પરબતસિંહ રાજપૂત લાકોશી ગામ, સુરેશ નાયી કાકોશી ગામ, કાદરભાઈ સિપાહી વાઘણ ગામના નામનો ખુલાસો થયો છે.

જો કે યુવકના પરિવારજનોનો આક્ષેપ છે કે વ્યાજખોરો તેમના ઘરે આવી ધાક ધમકી આપતા હતા અને માનસિક ત્રાસ આપતા હતા. સ્યુસાઈડ નોટમાં યુવકે મુડી કરતા ૫૦ ટકા વ્યાજ આપ્યુ છતાં પણ વ્યાજખોરો દ્વારા ત્રાસ અપાયાનો ખુલ્લા થયો છે. આ ઉપરાંત યુવકની જમીન પચાવી તેના પર લોન લીધી હોવાનો સ્યુસાઈડ નોટમાં ઘટસ્ફોટ થયો છે.

આ મામલે છાપી પોલીસે બે આરોપીઓની અટકાયત કરી છે અને ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મનપાના સફાઈ કામદારોના પડતર પ્રશ્નો અંગે તંત્રને રજુઆત

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મહાનગર પાલિકામાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓની પડતર માંગણીઓનો ઉકેલ આવ્યો નથી. આ પડતર પશ્નોનો ઉકેલ ના આવતા સફાઈ કર્મચારીઓ ગમે ત્યારે હડતાલનું શસ્ત્ર ઉગામે છે છતા તંત્ર દ્વારા યોગ્ય નિર્ણય ના આવતા તાજેતરમાં દિલ્હીથી રાષ્ટ્રીય સફાઈ કામદાર આયોગના અધ્યક્ષ ગાંધીનગર દોડી આવ્યા હતા અને મનપાના કમિશનરને મળીને કામદારોની માંગણીઓ વિશે રજુઆત કરી હતી.

ગાંધીનગર શહેર મહાનગર પાલિકામાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા ૩૦૦ જેટલા કર્મચારીઓની ૬ જેટલી માંગણીઓ છેલ્લા ઘણા સમયથી પેન્ડીંગ છે. કામદારોની માંગણીઓનો ઘણો સમય વિત્યો હોવા છતા યોગ્ય નિર્ણય ના આવતા કામદારોમાં રોષની લાગણી જોવા મળી રહી છે. ત્યારે તાજેતરમાં દિલ્હી થી ગાંધીનગર રાષ્ટ્રીય સફાઈ કામદાર આયોગના અધ્યક્ષ વિજયકુમાર આવી પહોંચ્યા હતા અને તેઓએ મનપા કમિશનર સાથે કામદારોના પ્રશ્નોને લઈ ચર્ચા કરી હતી. જેમાં કર્મચારીઓના છઠ્ઠા પગારપંચ અંગે, મૃત્યુ પામેલ કર્મચારીના વારસદારને નોકરી આપવા અંગે તેમજ અશકત કામદારોને અનફીટ કરી તેમની કાયમી નોકરી તેમના વારસદારને આપવા અંગે, ૩૦૦ રોજમદાર સફાઈ કામદારને આઉટ સોસીંગમાંથી મનપામાં સમાવેશ કરવા અંગે, સફાઈ કામદારોના ગણવેશ તથા સેફટી ના સાધનો અંગે, સફાઈ કામદારોના આવાસ ઉભા કરવા અંગે, જયારે બઢતીમાં રહી ગયેલા રહી જતા કર્મચારીઓની બઢતી સહિતના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવે છે. જયારે શહેરના સર્કીટ હાઉસ ખાતે મળેલી બેઠકમાં શાન્તાબેન પરમારને જિલ્લા અધ્યક્ષ તેમજ વિનોદભાઈ એમ મકવાણાને જિલ્લા પ્રમુખ તરીકે રાષ્ટ્રીય આયોગ ન્યુ દિલ્હી તરફથી કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય સફાઈ કામદાર આયોગના અધ્યક્ષને મનપા કમિશનરે ટુંક સમયમાં આ પડતર માંગણીઓનો યોગ્ય ઉકેલ આવશે તેવી હૈયાધારણા આપતા કર્મચારીઓમાં હર્ષની લાગણી પ્રસરી હતી.

# ખેડબ્રહ્મામાં સફરજનના બાકી નાણાંની ઉઘરાણી કરતા હૂમલો કરાયો

હિંમતનગર, તા. ૧૯

ખેડબ્રહ્મામાં સફરજન વેચાણની બાકી રકમની ઉઘરાણી કરતા મામલો બિચકતા બિભત્સ શબ્દો બોલી છરી વડે હુમલો કરી બચકુ ભરી ઈજા પહોંચાડવાના સંદર્ભે ગુરૂવારે મોડી રાત્રે એક ઈસમ વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્માના દિપકભાઈ બાબુભાઈ દંતાણી ફ્રૂટના વેપારીની બહેનના ઘર પાસે રહેતા ભીખાભાઈ વિરચંદભાઈ બારોટ લારી ઉપર ચણા-મમરાનો વેપાર કરે છે. તેમની સામે ગત ભાદરવી પૂનમે ઓળખાઈ થઈ હતી. તેથી પૂનમના વેપાર માટે સફરજનની પેટી રૂ. ૧૩૦૦માં વેચાણ આપી હતી અને રૂ. ૫૦૦ રોકડા આપી રૂ. ૮૦૦ બાકી રાખ્યા હતા. જે સફરજનનો વેપાર થયા પછી આપવાનો વાયદો કર્યો હતો. પૂનમ પછી એક મહિના સુધી ઉઘરાણી કરી હતી. છતાં બાકી રકમ આપ્યા વગર હિંમતનગર જતા રહ્યા હતા. દરમિયાન હોળીના પર્વ નિમિત્તે ભીખાભાઈ અઠવાડિયાથી ખેડબ્રહ્મા આવ્યા છે. તેથી દિપકભાઈના પત્નિએ ગુરૂવારે રાત્રે ભીખાભાઈ પાસે બાકી રકમની ઉઘરાણી કરી હતી. તેથી ભીખાભાઈએ ધક્કો મારી પાડી દીધા હતા અને ઘરમાંછી છરીથી હૂમલો કરી ઈજા પહોંચાડી હતી. દિપકભાઈએ પ્રતિકાર કરતા ભીખાભાઈએ બચકુ ભરી ઈજા પહોંચાડી હતી.

આ અંગે દિપકભાઈ દંતાણીએ ભીખાભાઈ બારોટ વિરૂદ્ધ ગુરૂવારે રાત્રે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઊંઝામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે જતા સ્થાનિકોમાં અસલામતિની લાગણી

ઊંઝા, તા. ૧૯

ઊંઝા વિસ્તારમાં છેલ્લા ઘણા વખતથી પોલીસતંત્રની નિષ્ક્રિયતાને કારણે મિલ્કત વિરૂદ્ધના અન્ય ગુનાઓનુંપ્રમાણ ખુબ વધી જતાં સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે જતાં લોકો અસલામતિની લાણી અનુભવી રહ્યાંછે.

ઊંઝા તાલુકામાં ઊંઝા શહેર અને નજીકના યાત્રાધામ ઉનાવા ખાતે સ્વતંત્ર પોલીસ સ્ટેશનો આવેલા છે. આ બન્ને પોલીસમથકોની હદમાં છેલ્લા ઘણા વખતથી ધાડ, લૂંટ, ઘરફોડ ચોરીઓ, મંદિર, વાહન, કેબલ, ઢોર, કૃષિ ચીજોની ચોરીઓ તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ દિનપ્રતિદિન વધતુંજાય છે. આ ઉપરાંત સમગ્ર વિસ્તારમાં અસામાજીક પ્રવૃત્તિઓએ પણ ભારે ઉપાડો લીધો છે તેવું ચર્ચાય છે. છેલ્લા બે-ત્રણ વર્ષથી આ વિસ્તારમાં વધતી જતી ગુનાખોરી તેમજ સમાજ વિરોધી પ્રવૃત્તિઓને અટકાવવા તેમજ નિયંત્રિત કરવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડેલ છે તેવી છાપ પ્રજા માનસમાં ઉભી થઈ છે.

ઊંઝા પોલીસમથકે છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન મિલ્કત વિરૂદ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓ નોંધાયા છે જેપૈકી મોટાભાગના ગુનાઓના ભેદ આજ દિન સુધી વણ ઉકેલાયેલા રહ્યા છે. સ્થાનિક તથા જિલ્લા કક્ષાની લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા મિલકત વિરૂદ્ધના ગુનાઓના ભેદ ઉકેલવાની દિશામાં યોગ્ય તપાસ થતી નથી. તપાસના કામે ખંત અને મહેનતનો અભાવ વર્તાય છે. પરિણામે ગુનેગારોના મૂળ સુધી પહોંચી શકાતુ નથી. તેમજ ચોરીમાં ગયેલ મુદ્દામાલ કબજે થઈ શકતો નથી. આમ કાગળ પર દોડતી તપાસથી ગુનાઓના ભેદ શોધી શકાતા નથી તેવા આક્ષેપો પ્રજામાં થઈ રહ્યા છે.

દરમિયાન ઊંઝા નજીકના ઉનાવા ગામે યાત્રાસ્થળ અને ગુનાખોરીને ધ્યાનમાં લઈને આઉટ પોસ્ટના સ્થાને સ્વતંત્ર પોલીસ સ્ટેશન મંજુર થતા ગત ઓગષ્ટ ૨૦૧૫થી ઉનાવા ગામે ભાડાના મકાનમાં પોલીસ સ્ટેશન કાર્યરત થયેલ છે. આ નવિન પોલીસમથકની હદમાં પોલીસની નિષ્ક્રિયતાના કારણે મિલકત વિરૂદ્ધના તેમજ શરીરસંબંધિ ગુનાઓનું પ્રમાણ વધતું જાય છે.

## ઉજાલા : રાષ્ટ્રીય એલઈડી બલ્બ્સ યોજનાનો નવો ચહેરો

કેન્દ્રીય ઉર્જા, કોલસા અને પુનઃપ્રાપ્ય ઉર્જા મંત્રી પીયુષ ગોયેલે ભારતના આશરે ૧૨૦થી વધુ શહેરોમાં હાલમાં સફળતાપૂર્વક ચાલી રહેલા એલઈડી આધારિત સ્થાનિક કાર્યક્ષમ લાઈટિંગ પ્રોગ્રામને ઉજાલા નામ આપ્યું હતું. ઉજાલાનું પુરૂ નામ ઉન્નત જ્યોતિ બાય અફોર્ડેબલ એલઈડીસ ફોર ઓલ એમ થાય છે. આ કાર્યક્રમનું અમલીકરણ એનર્જી એફિસયન્સી સર્વિસિસ લિમિટેડ (ઈઈએસએલ) દ્વારા કરાઈ રહ્યું છે. વડાપ્રધાન દ્વારા ગત જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ રાષ્ટ્રીય એલઈડી કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો હતો. જેમાં ૭૭ કરોડ ઈન્કેન્ડેન્સેન્ટ લેમ્પસને સ્થાને એલઈડી બલ્બ્સ લગાવવાનો લક્ષ્ય નિર્ધારિત કરાયો હતો. હાલમાં ઉજાલા કાર્યક્રમ ભારતના ૧૪ રાજ્યોમાં સફળતાપૂર્વક ચાલી રહ્યો છે. આ રાજ્યોમાં રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ, ઉત્તરપ્રદેશ, હિમાચલ પ્રદેશ, દિલ્હી, આંધ્રપ્રદેશ, પુડુંચેરી, ઝારખંડ, બિહાર, હરિયાણા, છત્તિસગઢ તથા ઉત્તરાખંડનો સમાવેશ થાય છે. ટુંક સમયમાં દેશના અન્ય રાજ્યો પણ તેમાં જોડાશે. આ પ્રસંગે કેન્દ્રીય ઉર્જા, કોલસા અને પુનઃ પ્રાપ્ત ઉર્જા મંત્રી પીયૂષ ગોયેલે જણાવ્યું હતું કે અમે ઉજાલા કાર્યક્રમની જાહેરાત કરીને અત્યંત આનંદની લાગણી અનુભવી રહ્યા છીએ, આ કાર્યક્રમ ઉર્જા કાર્યક્ષમ ભારતનો નવો ચહેરો બની રહેશે.

## સેનાને

● અનુસંધાન પહેલાનું ચાલુ

૫૦૦૦ મિલાન-૨ ટીએન્ટીટેક ગાઈડેડ મિસાઈલની ખરીદી કરવામાં આવનાર છે. આ ઉપરાંત સ્વદેશી નિર્મિત ૩૦ વેન લોકેટિંગ રડારોની ખરીદી પણ કરવામાં આવનાર છે. આ ઉપરાત અન્ય પ્રોજેક્ટને પણ મંજુરી આપવામાં આવી રહી છે. જે પ્રોજેક્ટ મંજુરી માટે પેન્ડિંગ રહેલા છે તેમાં ૩૩૦૦ કરોડના પિનાકા અને ૫૦૦૦ કરોડના ભારે ભરખમ રકમ સાથે સુપર સોનિક ક્રુઝ મિસાઈલોની ખરીદી કરવામાં આવનાર છે. પિનાકાને તાતા અને એલએન્ડ ટી કંપની દ્વારા તૈયાર કરવામાં સફળતા મેળવી લેવામાંઆવી છે. આના માટે ડીઆરડીઓ દ્વારા ટેકનોલોજી તૈયાર કરવામાં આવી છે. આની સાથે જમીનથી જમીન પર પ્રહાર કરનાર બ્રહ્મોસ મિસાઈલ મળી જવાથી પણ સેનાની તાકાતમાં જોરદાર વધારો થનાર છે. તેની ઝડપ ખુબ વધારે છે. આ મિસાઈલ ૨૯૦ કિલોમીટર સુધી પ્રહાર કરી શકે છે. સેનાની પાસે પહેલાથી જ ત્રણ બ્રહ્મોસ રેજિમેન્ટ છે. સરકાર વર્તમાન સ્થિતીને ધ્યાનમાં લઈને સેનાને તમામ જરૂરી સાધન અને હથિયારો ઉપલબ્ધ કરાવવા માટે તૈયાર છે.

## મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

''સાઈ જંજીર કી ઝંકાર, ખુદા ખૈર કરે'' અને પછી તો અનેક ફિલ્મોને નિદાની ગઝલોએ સફળ બનાવી જેમ કે ''કભી કિસી કો મુક્કમલ જહાઁ નહી મિલતા (આહિસ્તા આહિસ્તા) તું ઈસ તરહ સે મેરી જિંદગી મેં શામિલ હૈ, (આપ તો ઐસે ન થે) ચુપ તુમ રહો, ચુપ હમ રહે (ઈસ રાત કી સુબહ નહી) ''હોશવાલો કો ખબર ક્યાં બેખૂદી ક્યાં ચીજ હૈ / ઈશ્ક કીજે ઔર સમજિયે જિંદગી ક્યાં ચીજ હૈ ''( સરફરોશ )આવી તો અનેક ઉતમ નાજુક ગઝલો આપણી ફિલ્મોને નિદાજીએ ભેટ ધરી છે. જો કે ફિલ્મોમાં સસ્તા ગીતો લખવાનો રંજ પણ આ શાયરને કોરી ખાતો હતો પરંતુ અંદરથી હંમેશાં રડતા અને બહારથી હસતા હસતા સૌને કહેતા પણ ખરા કે ''સસ્તે ગાને લીખ લીખ કે હમને ઘર બનાયા હૈ''

નિદા ફાજલીની ગઝલનો મુખ્ય સ્વર ''સાદગી''નો છે. આ સાદગીને સંવેદન અને અર્થની સૂક્ષ્મતાથી સૌન્દર્યમય બનાવે છે એમની ભાવૂકતા અને હદયની સચ્ચાઈ. એમની ગઝલોમાં હિન્દુસ્તાની ધરતીની મહેક અનુભવાય છે. તેઓ જાણે કે બીજી જ કોઈ દુનિયાના મૌલવી હોય એવી રીતે જીવીને આપણી ધરતીને પવિત્ર બનાવી ગયા. દેશની પરિસ્થિતિનો ચિતાર તેઓ ખુબ જ વ્યથિત હદયે આપતા હતા. અને એટલે જ એમની કવિતાઓ, ગઝલો આપણને વારંવાર વાંચવાનું - વાગોળવાનું મન થાય છે. એમના શબ્દોની સાદગી અને અર્થનો વૈભવ જુઓ -

દુનિયા જિસે કહતે હૈ જાદૂ કા ખિલોના હૈ,
મિલ જાયે તો મિટ્ટી હૈ ખો જાયે તો સોના હૈ

આ સંસાર આ પૃથ્વી આ જિંદગીની આટલી વિસ્તૃત અર્થચ્છાયાઓ અને એનું સાત્વિક અને તાત્વિક મૂલ્ય-મહત્તા અને ક્ષણભંગૂરતા આ બે પંક્તિથી વિશેષ ક્યાં જોવા મળશે?

આમ જોઈએ તો નિદા ફાજલીમાં કબીરના દોહરાનો સૂર છે, મીરની ભાષાકીય સાદગી અને અર્થનો વૈભવ છે. તો વળી ગાલિબનું ઊંડાણ અને માર્મિકતા છે અને તુલસીદાસની શુદ્ધ અને સાત્વિક આધ્યાત્મિકતા છે. એમાં પોતિકી સંવેદના અને વિચારશીલતા અને મનોભાવનો દ્વંદ્વ પણ છે. અને તેથી જ તેઓ કહે છે.

હર ઘડી ખુદ સે ઉલજના હૈ મુકદર હૈ મેરા
મૈં હી કશ્તી હું મુઝી મેં હૈ સમંદર

નિદાની કવિતામાં દુખ, પીડા કે વેદના નથી. એનાથી ઉપર ઉઠવાની વાત છે. ઝેરને અમૃત બનાવવાની વાત છે. પીડાને પણ પ્રેમ કરવાની વાત છે. એમની ગઝલોમાં મનુષ્યત્વનું કરૂણગાન તો છે પણ સાથોસાથ જીવનના ઉલ્લાસના અવનવા રંગો પણ એ દર્શાવે છે.

નિદા ફાજલીના સાહિત્યિક પ્રદાન વિશે વાત કરીએ તો એમના છ કાવ્યસંગ્રહ પ્રગટ થયા છે. 'લબ્જો કે ફૂલ' (પ્રથમ), 'મોર નાચ', 'આંખ ઔર ખ્વાબ કે દરમિયાઁન', 'ખોયા હુઆ સા કૂછ' (કેન્દ્રીય સાહિત્ય અકાદમીથી પુરસ્કૃત), 'આંખોભર આકાશ', 'સફર મેં ધૂપ તો હોગી', એમની આત્મકથનાત્મક નવલકથાઓમાં 'દીવારોં કે બીચ' અને 'દીવારોં કે બાહર' આ કૃતિને મધ્યપ્રદેશ સરકારનું ''મીર તકી મીર '' પારિતોષિક પણ મળ્યું છે. એમના સંસ્મરણોના પુસ્તકમાં 'મુલાકાતેં' 'તમાશા મેરે આગે' અને સંપાદનમાં પણ એમણે બશીરચન્દ્ર, જાઁનિસાર અખ્તર, દાગ દેહલવી, મુહમ્મદ અલવી તથા જિગર મુરાદાબાદી જેવા સમર્થ શાયરોના જીવન કવન વિશેના પુસ્તકો આપ્યા છે.

નિદા ફાજલીને કેન્દ્રીય સાહિત્ય અકાદમીનો પુરસ્કાર, રાષ્ટ્રીય એકતાનો પુરસ્કાર, શ્રેષ્ઠ ગીતકાર તરીકે સ્ટાર સ્ક્રીન એવોર્ડ, મૂવી પુરસ્કાર, ખૂસરો પુરસ્કાર, મહારાષ્ટ્ર ઉર્દૂ અકાદમી એવોર્ડ, બિહાર ઉર્દૂ અકાદમી એવોર્ડ, ઉત્તર પ્રદેશ ઉર્દૂ અકાદમી એવોર્ડ, હિંદી-ઉર્દૂ સંગમ પુરસ્કાર, મારવાડ કલા સંગમ, પંજાબ એસોશિયેશન, કલા સંગમ વગેરે પુરસ્કારો તથા વર્ષ - ૨૦૧૩માં ભારત સરકાર તરફથી ''પદ્મશ્રી'' પુરસ્કારથી પણ આ કવિને નવાજવામાં આવ્યા છે. . હસરત જયપુરી, સાહિર લુધિયાનવી, મજરૂહ સુલતાનપુરી, ગુલઝાર અને કૈફી આઝમી જેવા હિંદી-ઉર્દૂભાષાના સમર્થ શાયરોની સાથે જેમણે કામ કર્યું હોય એવા કવિ શાયર નિદા ફાજલી ગુજરાતના જમાઈ હતા એ બહુ ઓછા લોકો જાણતા હશે. એમના પત્ની માલતીબેન ગુજરાતી છે,

નિદા ફાજલીની અદભુત ગઝલોને રેશમ જેવો સુંવાળો કંઠ સુપ્રસિદ્ધ ગઝલ ગાયક જગજીતસિંગે આપીને એમના સાદગીભર્યા શબ્દોને એક નવી ઊંચાઈ બક્ષી છે. અને કુદરતની કરામત જુઓ કે જે દિવસ ગાયક જગજીતસિંગનો જન્મ દિવસ હતો તે જ દિવસે તા, ૮, ફેબ્રુઆરી, ૨૦૧૬ ના રોજ આ શાયર સંસારમાંથી વિદાય લે છે. આજે જ્યારે દેશમાં નાની નાની ઘટનાઓથી દેશની અખંડિતતા સામે પ્રશ્નચિહનો ઊભા થઈ રહ્યા છે વામપંથીઓ દેશના ટૂકડા કરવા તત્પર થયા છે. ત્યારે જ નિદા આપણી વચ્ચે નથી. આવા સમયે દેશની રાષ્ટ્રીયતા, અખંડિતતા અને સહિષ્ણુતા વિશે કોણ ગઝલો, શાયરીઓ લખશે ? નિદા ફાજલીની ગઝલનો શેર માણીએ.

બચ્ચા બોલા દેખકર, મસ્જિદ આલીશાન
અલ્લા તેરે એક કો, ઈતના બડા મકાન?

## રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

ને પાછું પ્રેમમાં પડવું એની કાઈ નવાઈ હોય નહિ પણ રિતિક જેવા જેન્ટલમેન ગણાતા સ્ટાર પોતે - ખુદ ઈમેલ હેક કરાવે ને ઉપરથી પછી 'ચોર કોટવાલ ને દંડે' એની જેમ માનહાનીની નોટીસો પણ મોકલે...હદ્દ છે ને ? એક તો આવા કરમચંદ ટાઈપ કામો કરે ને પછી પાછા ઉઘાડા પડી જાય ત્યારે સાલ્લુ લાગી આવે...- ઋતિકને...આપણને નહિ ભાય !!!! એક સમયે મૈ તેરે પ્યાર મેં પાગલ ગાતા આ બંને જીવડાઓ આજકાલ એકબીજાને પાગલ બનાવી મુકવા મરણીયા થયા છે, ઈનફેક્ટ રિતિકે તો કંગનાને એવી કોઈક બીમારી છે એવું પણ જાહેર કર્યુ છે. આખાયે કિસ્સામાં સુઝાન સિવાય કોઈને હરખાવા જેવું કાઈ છે નહિ એ નક્કી છે...પણ રૂપેરી પરદે સુપરમેનયા પરાક્રમો કરતા આ હીરોની હવ્વા આજકાલ કંગના નામે માથાભારે નાયિકાની કાયદેસરની નોટીસો સાથે ફૂસ્સ...ફૂસ્સ...થઈ રહી છે...!

વિસામો :

તા.ક. : બુરા નાં માનો હોલી હૈ..!!...હેપ્પી હોલી અને હેપ્પી ધૂળેટી....!!

## શિક્ષિત યુવાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ નેતૃત્વ કર્યુ હતુ અને હવે આજનો ટેકનોલોજીમાં પરિવર્તિત થઈ રહેલા યુગમાં પણ યુવાનોએ જ નેતૃત્વ કરી અને વિકાસની દિશામાં આગળ વધવાનુંછે.

અત્યંત સૌમ્ય વ્યક્તીત્વ ધરાવતા ડૉ. મનમોહનસિંહે જણાવ્યું હતું કે કોઈપણ વિદ્યાર્થી ક્લાસરૂમમાંથી માહિતી મેળવે છે માહિતીને ગ્રહણ કરી જે શક્તિ પ્રાપ્ત કરે છે તે જ્ઞાનમાં પરિણમે છે અને તેનો ઉપયોગ બુદ્ધિક્ષમતા પર આધાર રાખે છે. તે ક્યાં, ક્યારે અને કેવો ઉપયોગ કરે છે એ તેના ડહાપણ પર આધાર રાખે છે એમ કહી તેમણે યુવાશક્તિને બિરદાવી અને આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા.

તેમણે કહ્યુ કે શિક્ષકને કારણે વિદ્યાર્થી વિશ્વથી વિમુખ ના થવો જોઈએ. શિક્ષણનો મહત્વનો ઉદ્દેશ્ય તે વિશ્વની અંદર પ્રેમ, શાંતિ, સહિષ્ણુતા અને ભાઈચારાની ભાવના સાથે વિકાસના ફળનો વ્યાપ્ત કરવા માટે હોવો જોઈએ.

તેમણે કહ્યુ કે આપણી પાસે જે યુવાવર્ગ છે તે સંપૂર્ણ શક્તિસભર છે અને વિશ્વમાં આર્થિક સત્તા પુરવાર કરવાની સાથે સાથે સામાજિક દૂષણો સામેનો જંગ લડી સમર્થ, સશક્ત અને સમૃદ્ધ ભારતના નિર્માણ માટે કટિબદ્ધ બને તે જરૂરી છે. ૧૮ મિનિટના ટુંકા પ્રવચનમાં તેમણે શિક્ષણ સંકુલની વિશેષતાઓને બિરદાવવા ઉપરાંત ગ્રામીણ ભારત અને અર્બન ભારત નહિ પણ સ્લમ ભારત અને નિરક્ષરતાના શ્રાપને મિટાવવાની કટિબદ્ધતા પર ભાર મુક્યો હતો. ડૉ. મનમોહનસિંહે નેલ્સન મંડેલાના વિધાનથી પ્રવચનનો પ્રારંભ કર્યો હતો તો સ્વ. ડૉ. અબ્દુલ કલામને ટાંકી તેમના પ્રવચનને વિરામ આપ્યો હતો.

ટચૂકડી જાહેર ખબર

**ભાડે આપવાનું છે**

સેક્ટર-૪/સી ખાતે ટોપ ફ્લોર પર ૧ રૂમ તથા વચલા માળે ૧ રૂમ, બાથરૂમ - સંડાસની સગવડ સાથે ભાડે આપવાનું છે. વિદ્યાર્થી / વિદ્યાર્થિની તથા કપલને અગ્રીમતા

મો. ૯૪૨૬૭ ૦૯૪૨૩
મો. ૯૪૨૮૦ ૪૯૦૯૯

**ડો. મેઘાણી**

M.D. Ph.D.
હોમીયોપેથી દ્વારા ઘુંટણ તથા કમરના દુઃખાવાનો ૧૦૦% કાયમી ઈલાજ
માહિતી સંપર્ક
ડો. દિના - ગાંધીનગર
તા. ૨૪/૩/૧૬ના રોજ ગાંધીનગર ખાતે મળશે.
મો. ૯૪૦૯૫ ૫૦૭૯૮